જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૬/૦૧/૨૦૨૫ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૭/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૬૯ લીટર દેશી દારૂ, ૭૯૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૧૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫,૭૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૮/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૨૯/૨૦૨૫

**સેટેલાઈટઃ** રીશીક પંકજભાઇ સોની (ઉ.વ.૨૭) (રહે. સિલ્વર સ્ટાર રેસીડન્સી શ્રીજી જ્વેલર્સ પાસે ચાદલોડીયા) એ તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રીશીક સોનીનાઓ શિવરંજની ચાર રસ્તા પાસે આવેલ સિલિકોન વેલી કોમ્પલેક્ષ ખાતે દુકાન ધરાવી સોનીનો ધંધો કરતા હોય અને દુકાન ખાતે રાખેલ કારીગર પૈકી બ્રિજેશ દિનેશભાઇ કડેચા (રહે. હરીઓમ સોસાયટી અવની પ્લાઝા નરોડા) નાઓ અમદાવાદ શહેર તેમજ ગુજરાતમાં સેલ્સ મેન તરીકે કામ કરતા હતા. તા.૧૨/૧૦/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન દુકાન ખાતેથી ૨ કિલો ૯૭૫ ગ્રામ ચાંદીના અલગ-અલગ દાગીના કિમત રૂપિયા ૬,૫૦,૦૦૦/- ગ્રાહકોને વેચાણ આપી ગ્રાહકો પાસેથી દાગીનાના પૈસા મેળવી લઇ જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ.ચુડાસમા ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ઝુટવી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૦/૨૦૨૫</u>**

**મણીનગરઃ** ચાહત હિમાંશુભાઈ ઉપાધ્યાય (ઉ.વ.૨૫) (રહે. જેસિંગભાઈ પાર્ક સરદાર પટેલ સ્કુલની બાજુમાં મણીનગર) તા.૦૪/૦૧/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે મણીનગર અંશ ક્લિનીક સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટુ-વ્હીલર ઉપર આવેલ બે પુરૂષ ચાહત ઉપાધ્યાયના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ચાહત ઉપાધ્યાયએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૧/૨૦૨૫</u>**

**માધવપુરાઃ** દૈનીક સ/ઓ કમલેશભાઇ સોની (ઉ.વ.૨૫) (રહે. મધુવન ગ્રીન સોસાયટી રામોસણા ગામ તા.જી.મહેસાણા) નાઓ તા.૦૪/૦૧/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ આર.ટી.ઓ.સર્કલથી માધવપુરા શાહીબાગ અડરબ્રીજ સર્કલ નજીક સુધીની શટલ ઓટો રીક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ દૈનીક સોનીની નજર ચુકવી પેન્ટના ખિસામાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ દૈનીક સોનીએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૨/૨૦૨૫</u>**

**સોલા હાઈકોર્ટઃ** આકાશીબહેન વા/ઓ મહેશભાઈ રાજપુત (ઉ.વ.૨૧) (રહે. રોહીતનગર રો-હાઉસ જનતાનગર ફાટક પાસે ચાણક્યપુરી) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૧/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એ” ડીવીજન ચલાવે છે.

**વેજલપુરઃ** ધવલભાઇ સ/ઓ દિલીપભાઇ ચૌહાણ (ઉ.વ.૨૭) (રહે. ચામુંડાનગર સોસાયટી વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી બાબુભાઇ અરખાભાઇ ચલાવે છે.

**વટવા જીઆઈડીસીઃ** જી.આઇ.ડી.સી.વટવા ફેઝ-૧ મા આવેલ પુષકર એસ્ટેટ દિવ્યમ એન્જીનયરીંગ ખાતે અશ્વિન રાજુભાઇ રાવળ (ઉ.વ.૨૮) (રહે. ગામ-સણસોલી તા-મહેમદાબાદ જી-ખેડા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૧/૨૦૨૫ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ. શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી